

# ‘આપ’નો ભ્રષ્ટાચાર સામેના જંગનો આરંભ

## દિલ્હીમાં ભ્રષ્ટાચાર નાથવા હેલ્પલાઈનની જાહેરાત : એન્ટી કરપ્શન બ્યુરો ફોન કોલ મળતા જ કાર્યવાહી આરંભશે : સ્ટીંગ ઓપરેશન કરવા માટે પણ જાહેર અપીલ : સ્ટીંગ ઓપરેશનના આધારને પુરાવા તરીકે રજૂ કરાશે

નવી દિલ્હી,તા.૮

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલે આજે દિલ્હીમાં ભ્રષ્ટાચાર વિરોધી હેલ્પલાઈન નંબરની શરૂઆત કરી દીધી છે આ હેલ્પલાઈન નંબર પર માહિતી આપીને રક્ષણ મેળવી શકાશે. અપરાધીઓને ભ્રષ્ટ લોકોને પકડી પાડવા આ નંબર પર ફોન કરી શકાશે. આ હેલ્પલાઈન નંબર દિલ્હીના દરેક નાગરિકને ભ્રષ્ટાચાર વિરોધી વ્યક્તિ તરીકે બનાવશે. રાજ્ય વિજિલન્સ વિભાગની ટીમો આ મામલામાં તપાસ કરશે. અરવિંદ કેજરીવાલે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે હેલ્પલાઈન નંબર ૦૧૧-૨૭૩૫૭૧૯૯ રહેશે. લોકો ભ્રષ્ટાચાર વિરોધી હેલ્પલાઈન પર ફોન કરી શકે છે અને જરૂરી માહિતી આપી સખે છે. કેજરીવાલે ઉમેર્યુ હતુ કે આ હેલ્પલાઈન નંબર ખૂબજ અસરકારકરીતે કામ કરે છે. ભ્રષ્ટાચારી લોકો સામે સકંજો મજબુત જમાવવા આની શરૂઆત કરવામાં આવી છે. આ હેલ્પલાઈન સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮ વાગ્ય સુધી સક્રિય રહેશે. થોડાક દિવસોમાં ચાર ડિઝિટની હેલ્પલાઈન નંબર પણ જારી કરાશે.


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


જીવનની મિઠાશને માણવા માટે આપણી પાસે ભૂતકાળને ભૂલવાની શક્તિ હોવી જોઇએ

- અરબી કહેવત


Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૯૯ | ૯ જાન્યુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુડા વિસ્તારમાં ૨૪ કલાક પાણીનો પ્રોજેક્ટ

## પાણી પુરવઠાના કામો માટે ૫૨.૩૮ કરોડના કામોની વહીવટી મંજુરી : કુડાસણમાં ૨૪ કલાક પાણીની સુવિધાનો નિર્ણય લેવાયો વાવોલ અને રાયસણમાં પણ આ પ્રોજેક્ટ અમલી બનાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા)માં સમાવિષ્ટ વિસ્તારમાં પીવાના શુધ્ધ પાણીનો પુરવઠો ઉપલબ્ધ કરાવવાના કામો ઉપરાંત ૨૪ કલાક પાણી પુરૂ પાડવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કરી કુડાસણમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૨૪ કલાક પાણી પુરૂ પાડવાનો નિર્ણય આજે યોજાયેલી ગુડાની બોર્ડ બેઠકમાં લેવામાં આવ્યો છે. પાણી પુરવઠાના કામો માટે રૂ.૫૨.૩૮ કરોડના કામોની વહીવટી મંજુરી આપવામાં આવી છે.

ગુડાની ૪૬મી બોર્ડ બેઠક આજે સત્તામંડળની કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધા-વિકાસને લગતાં અનેક કામો હાથ ધરવા નિર્ણયો કરવામાં આવ્યા હતા. ગુડા વિસ્તારમાં પીવાના શુધ્ધ પાણી પુરવઠાના પ્રોજેક્ટ અંતર્ગત ભાઈજીપુરા ખાતે નિર્માણ થઈ રહેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ગુડાના વિકસીત વિસ્તારોમાં પાણી પુરવઠો પહોંચડવા માટે મેઈન ટ્રંક લાઈન તેમજ ટી.પી. સ્કીમ નં. ૧૯ (રાયસણ), ટી.પી. સ્કીમ નં. ૬ (કુડાસણ) તથા ટી.પી. સ્કીમ નં. ૧૩ (વાવોલ) ખાતે પાણી પુરવઠાના કામો માટે રૂ. ૫૨.૩૮ કરોડના કામોની વહીવટી મંજુરી આપવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

### પેથાપુરમાં ભુગર્ભ ગટર યોજનાના કામોને મંજુરી

સત્તામંડળની બેઠકમાં ટી.પી. સ્કીમ નં. ૧૬ (પેથાપુર) ખાતે ભુગર્ભ ગટર યોજનાના કામો શરૂ કરવા ઉપરાંત વાવોલમાં નિર્માણ કરાયેલા માર્કેટમાં વધારાની સુવિધાઓ આપવા તથા સરગાસણ ખાતે તૈયાર થયેલા અંતિમધામમાં કલોલ ટાવર અને સુશોભનનાં કામોને પણ બહાલી આપવામાં આવી હતી.

### ટાઢમાં તાપણી...



(તસવીર : દિપક જાની)

NEWS બિટ્સ

### ● લોકલ પેસેન્જર ટ્રેનોમાં મેટ્રો ટ્રેનોની જેમ ઉદ્‌ઘોષણા પ્રણાલી શરૂ કરાશે



ચૂંટણીના વર્ષને જોતા રેલવે મંત્રી મલ્લિકાર્જુન ખડગે વચગાળાના રેલવે બજેટ-૨૦૧૪-૧૫ ને તૈયાર કરી રહ્યા છે. તેના કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પૈકી એકમાં રેલવે દ્વારા લોકલ-પેસેન્જર ટ્રેનોમાં મેટ્રો ટ્રેનની જેમ જ ઉદ્‌ઘોષણા પ્રણાલી પણ શરૂ કરવામાં આવશે. પેસેન્જરોની સુવિધામાં આ સિસ્ટમ ખુબ જ ઉપયોગી બનશે.

### ● મુશર્રફનું લંડનનું મકાન વેચાણ માટે ખુલ્લુ

પાડોશી દેશ પાકિસ્તાનના પૂર્વ સરમુખત્યાર પરવેજ મુશર્રફનું લંડન સ્થિત ઘર વેચવાનું છે. તેની કિંમત લગભગ ૩૦ લાખ પાઉન્ડ નક્કી કરવામાં આવી છે. મુશર્રફે આ મકાન વર્ષ ૨૦૦૯માં લગભગ ૧૩ લાખ પાઉન્ડમાં ખરીદ્યુ હતુ અને ત્યારબાદ તેમાં ઈન્ટિરીયર અને સમારકામ પાછળ અઢી લાખ પાઉન્ડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.



### ● એટીએમમાંથી મહિનામાં પાંચ જ વાર મફત ટ્રાન્ઝેક્શન થઈ શકશે

બેન્કોએ ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ)ને વિનંતી કરી છે કે એટીએમમાંથી થનારી પ્રત્યેક છઠ્ઠી લેવડદેવડ પર તેમને ફી વસુલવાની મંજુરી મળે. મહિનામાં પાંચ વાર જો તમે કોઈપણ બેન્કના એટીએમમાંથી નાણા ઉપાડવા, એકાઉન્ટ બેલેન્સ ચેક કે પાસવર્ડ બદલવા જેવું કામ કરી શકો છો, પણ જો તમે છઠ્ઠીવાર આમ કરશો તો બેન્ક તમારી પાસેથી નાણા વસુલશે. એટીએમનું મેન્ટેનન્સ વધતા બેંકોએ આ પગલું લીધુ છે.



### ● ગુજરાતના રીક્ષા-ટેક્સી ડ્રાઈવરો હવે અંગ્રેજીમાં વાત કરશે

કોઈ રીક્ષા ડ્રાઈવર કે ટેક્સી ડ્રાઈવરને હવે અંગ્રેજીમાં વાત કરતા સાંભળો તો નવાઈ ન પામતા કારણ કે ગુજરાતમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે હોટલોમાં કામ કરતા કર્મચારીઓની સાથે સાથે રીક્ષા ડ્રાઈવર, ટેક્સી ડ્રાઈવર ગાઈડ જેવા ટુરીઝમના વ્યવસાય સાથે



સંકળાયેલા વ્યક્તિઓને અંગ્રેજીમાં બોલવાની તાલીમ આપવાની શરૂઆત કરાઈ છે. ગુજરાતના વિવિધ શહેરોમાં કુલ ૩૫૦૦ જેટલા વ્યક્તિઓને ઈંગ્લિશ સ્પીકીંગ કોર્સ કરાવવાનું ગુજરાત સરકારના ગુજરાત ટુરીઝમ કોર્પોરેશને નક્કી કર્યુ છે.



બે મહાનદીઓના સંગમ સ્થાને જેવો મધુર નાદ ધ્વનિ અનુભવાય એવી અનુભૂતિ અમદાવાદમાં યોજાઈ રહેલા સપ્તક સંગીત મહોત્સવના સાતમા દિવસે, મંગળવારે શ્રોતાઓએ અનુભવી...! ભારતીય શાસ્ત્રીય સંગીતના બે મહાન દિગ્ગજો સંતુરવાદક પંડિત શિવકુમાર શર્મા અને તબલાવાદક ઉસ્તાદ ઝાકીર હુસેનની મિશ્ર પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મુકયા. જમ્મુ-કાશ્મીરના સ્થાનિક વાદ્ય-સંતુરને વિશ્વ પ્રસિધ્ધિ આપનાર પંડિત શિવકુમાર શર્મા ૧૩ વર્ષની વયથી સંતુરવાદન કરે છે. પિતા ઉમાદત્ત શર્માનું સંતુર અને શાસ્ત્રીય વાદ્ય બનાવવાનું સપનું પંડિત શિવકુમાર શર્માએ સાકાર કર્યું તો વિખ્યાત તબલાવાદક અલ્લારખાના પુત્ર ઉસ્તાદ ઝાકીર હુસેનને તો ગળથૂથીમાં જ તબલાં મળ્યા છે. ભારતના આ બે મહાન દિગ્ગજોને એક સાથે એક મંચ પર સાંભળવા-માણવા એ લ્હાવો હતો. પરફોર્મન્સ પછી ઉસ્તાદ ઝાકીર હુસેને પંડિત શિવકુમાર શર્માના ચરણ સ્પર્શ કર્યા તો પંડિત શિવકુમાર શર્માએ તરત જ તેમને ગળે લગાવી લીધા... એ વેળાનું અદભૂત દશ્ય- બન્ને મહાન કલાકારો પદ્મશ્રી-પદ્મભૂષણ જેવા સન્માનોથી સન્માનિત છે, છતાં બન્નેની નમ્રતા આ તમામ સન્માનોને સાકાર કરે એવી હતી. (તસવીર-અહેવાલ-હિરેન ભટ્ટ)

# જિલ્લામાં એટીવીટીમાં ૯૮ લાખ અરજીઓમાંથી ૯૭ ટકાનો નિકાલ

## જિલ્લા કલેક્ટરને વન.ડે ગર્વનન્સ અંતર્ગત રજુ કરેલા પ્રેઝન્ટેશનમાં ઈ.ગ્રામ કેન્દ્રોને પોષણક્ષમ બનાવવાના અભિગમથી ઉચ્ચ અધિકારીઓ પ્રભાવિત થયા : એ.ટી.વી.ટી.માં ૩૦ માસમાં ૯૮ લાખ અરજીઓ મળી અને ૯૭ ટકાનો નિકાલ થયો છે

ગાંધીનગર, તા. ૮

ઈ.ગ્રામ કેન્દ્રોને જનસેવા કેન્દ્ર તરીકે રૂપાંતરિત કરી અને પ્રજાભિમુખ વહીવટના અભિગમની અનૂભુતિ લોકોને કરાવવા ગાંધીનગર જિલ્લાની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે. આ પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે. આ પાયલોટ પ્લોટ પ્રોજેક્ટ આગામી બે માસમાં કાર્યરત થશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આજે રાજ્યના ઉચ્ચ સનદી અધિકારીઓની બેઠકમાં ઈ.ગ્રામ કેન્દ્રોની સેવા સાથે જનસેવા કેન્દ્રની પસંદગીની સેવાઓ જોડી પ્રજાભિમુખ વહીવટ માટે રજુ કરેલા પ્રેઝન્ટેશનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે.

મહેસુલ વિભાગે આ અંગે હવે જરૂરી અભ્યાસ બાદ આગળની કાર્યવાહી રાજ્યસ્તરે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. મળતી વિગતો પ્રમાણે ૨૦ જેટલી સેવાઓને પ્રથમ તબક્કે આવરી લેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જિલ્લાના ૧૨ જેટલા મોટા ગામોમાં ૬ જેટલી જનસેવાઓને સાંકળી યોજેલા કેમ્પોને મળેલી સફળતા બાદ હવે સમગ્ર રાજ્યકક્ષાએ તેના અમલીકરણ માટેનો રોડમેપ મહેસુલ વિભાગ દ્વારા તૈયાર કરી દેવામાં આવશે.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકા અંતર્ગત ઈ.ગ્રામ કેન્દ્રોને જનસેવા કેન્દ્ર સાથે જોડી એક વહીવટીય ક્રાંતિની અનુભૂતિ કરાવવાની દિશામાં આ અત્યંત મહત્વનું કદમ હશે. મળતી વિગતો મુજબ પાયલોટ પ્રોજેક્ટમાં ૨૦ જેટલી સેવાઓ પ્રારંભિક તબક્કામાં ઈ.ગ્રામ કેન્દ્રો સાથે સાંકળવામાં આવશે અને તેના પરિણામો બાદ તે સમગ્ર રાજ્યમાં અમલી બનશે.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની યોજના ૩૦ માસથી રાજ્યમાં અમલી બની છે અને તેના સારા પરિણામો મળી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં એ.ટી.વી.ટી.ના જનસેવા કેન્દ્રોને ૯૮ લાખ જેટલી અરજીઓ મળી છે અને તે પૈકી ૯૭ ટકા જેટલી અરજીઓનો નિકાલ થઈ ગયો છે. ૨૦૧૩ના વર્ષમાં જ ૫૦ લાખ અરજીઓ મળી છે અને તેમાંથી ૯૮ ટકા અરજીઓનો નિકાલ થઈ ગયો છે તે આ યોજનાના અમલીકરણની સફળતા દર્શાવે છે.

મળતી વિગતો પ્રમાણે ઈ.ગ્રામ કેન્દ્રોને પોષણક્ષમ બનાવવા માટે મુખ્ય સચિવ ડૉ. વરેશ સિંહાએ પણ આગ્રહ કર્યો હતો. બીજી તરફ આજે જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે રજુ કરેલા પ્રેઝન્ટેશનથી પ્રભાવિત થઈ તેમણે તાત્કાલિક આ અમલીકરણ માટેનો રોડમેપ તૈયાર કરવા જણાવ્યું છે.

આજે ગાંધીનગર કલેક્ટર કચેરીની મુલાકાતે એ.ટી.વી.ટી. ના ઉચ્ચ અધિકારીઓની એક ટીમ પણ આવીહતી અને તેમણે આ બાબતે ચર્ચા-વિચારણા કરી હતી.

જિલ્લામાં હાલ જનસેવા કેમ્પમાં જ્ઞાતિના દાખલા, આવકના દાખલા, સિનીયર સિટીઝનના પ્રમાણપત્ર, રેશનીંગ કાર્ડમાં સુધારણા તેમજ અન્ય અરજીઓનો સ્વીકાર કરી સ્થળ પર નિકાલ કરવામાં આવે છે. ૧૨ જેટલા કેમ્પમાં પાંચ હજાર જેટલી અરજીઓનો નિકાલ કરાયો છે. હજુ વધુ ૧૦ કેમ્પ આ માટેના યોજાવાના છે જે ઉલ્લેખનીય છે.

### પરિવર્તન પાર્ટી હજુ અવઢવમાં

ગાંધીનગર, તા. ૮

ગુજરાત પરિવર્તન પાર્ટીના આગેવાનોની આજે મળેલી બેઠક કોઈપણ નિર્ણય વગર જ પુરી થવા પામી હતી. જી.પી.પી.ના મહામંત્રી ગોરધનભાઈ ઝડફીયાએ એવું જણાવ્યું હતું કે કેશુભાઈ અમારી સાથે જ છે.

જી.પી.પી.ના અધ્યક્ષ કેશુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે જી.પી.પીના આગેવાનોની એક બેઠક તેમના નિવાસસ્થાને મળી હતી. આખો દિવસ બેઠકનો દોર ચાલ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જીપીપીના મહામંત્રી ગોરધન ઝડફીયાએ જણાવ્યું હતું કે, કેશુભાઈ પટેલ અમારી સાથે જીપીપીમાં જ છે અને એટલા માટે તેમના નિવાસસ્થાને જ બેઠક રાખવામાં આવેલી છે.

તેમણે જણાવ્યુ હતું કે આગામી દિવસોમાં પક્ષની ફરી બેઠક મળશે. જેમાં આગામી લોકસભા ચૂંટણી અંગેના ચૂંટણીલક્ષી કાર્યક્રમો અમે નક્કી કરીશું.

### કુટુંબ-કલ્યાણના ઓપરેશન નિષ્ફળ જતા...

# ત્રણ વર્ષ સુધી વળતર ના ચુકવતી એજન્સી સામે પગલાં લેવા કલેક્ટરની તંત્રને સૂચના

## “મા” યોજનાના અમલીકરણ માટે તંત્ર સંવેદનશીલ બને તે જરૂરી હોવાનું જણાવતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૮

કુટુંબ-નિયોજનના ઓપરેશનમાં મળેલ નિષ્ફળતા પછી તેને વળતર ચુકવવાના કેસમાં વીમા કંપની દ્વારા કરાતા ઠાગા ઠૈયાની હકીકતોને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે આ એજન્સી સામે ગ્રાહક સુરક્ષા અદાલતમાં કાર્યવાહી કરવા તંત્રને જણાવ્યું છે.

૨૦૧૦માં દહેગામ તાલુકામાં થયેલા કુટુંબ નિયોજનનાં કેસોમાં ૨૯ કેસો નિષ્ફળ જતાં આ લાભાર્થીઓને વળતર ત્રણ વર્ષ સુધી મળ્યુ નથી અને વીમા કંપની દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય તંત્રની ક્વોલીટી એસ્યોરન્સની બેઠકમાં હાજરી આપવાનું પણ કંપનીના અધિકારીઓ ટાળી રહ્યા છે તેવા સંજોગોમાં જિલ્લા કલેક્ટરે આ અંગે કડક તાકીદ કરી ગ્રાહક સુરક્ષાની અદાલતમાં કેસો દાખલ કરવાની કાર્યવાહી કરવા સૂચના આપી છે.

ગઈકાલે ગાંધીનગર જિલ્લા કલેક્ટરે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના, ‘મા’ યોજના અને કુટુંબ-કલ્યાણ યોજનાની સમીક્ષા દરમ્યાન આ સૂચના આપી હતી.

તેમણે આ બાબતે જિલ્લાના મુખ્ય સરકારી વકીલ શ્રી હિતેશ રાવલને પણ આ બાબતમાં જરૂરી સહયોગ આપી કાર્યવાહી ઝડપી બને તે જોવા જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં ‘મા’ યોજના અંતર્ગત ડેટા એન્ટ્રી અને કાર્ડ-વિતરણમાં તંત્રની ઉદાસીનતા સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ‘મા’ યોજના અંતર્ગત અપાતા લાભો તેમજ તેનું મહત્વ સમજાવતા ખાસ કાર્યક્રમો યોજવા માટે તંત્રને જણાવ્યું હતું. તેમણે આશા કાર્યકરોનો પણ ખાસ તાલિમ વર્ગ કરવા પર ભાર મુક્યો હતો.

જિલ્લા કલેકટરશ્રીએ આરોગ્ય સેવાઓના સુધારાત્મક અને

● અનુસંધાન પાન-૭ પર





શુક્રવાર તા. ૧૦થી સમગ્ર ગુજરાતમાં ભવ્ય રજુઆત

"સરહદની પાર મારી રાધા"ની ભવ્ય સફળતા બાદ ઓમ મોશન પીક્ચર્સ લી. નું ઉતરાયણના તહેવારનું નવલું નજરાણું

૧૦૦% કરમુક્ત રંગીન ગુજરાતી ચલચિત્ર

યુ-ટ્યુબ ઉપર આ ફિલ્મનું ટ્રેલર નિહાળો

ગોવિંદ ઠાકોર રીક્ષાવાળો




રાકેશ પાંડે(ગોવિંદ ઠાકોર), મરજીના દિવાન, જીગ્નેશ કવિરાજ, પ્રિયંકા પંડિત, ફિરોઝ ઈરાની, અલીખાન, મિત્રેશ વર્મા, કિર્તીદાન ગઢવી, કમલેશ બારોટ, દર્શના વ્યાસ, તેજલ ઠાકોર, સોનાલી નાણાવટી, રાકેશ પૂજારા, ઈમ્તિયાઝ શેખ, બિમલ ત્રિવેદી, ભાર્ગવ જોશી, પ્રવિણ મહેતા, સત્યનારાયણ શર્મા

::: શો ટાઈમ :::

સુર્યા સિનેમા, વાવોલ:- ૧૨:૩૦, ૩:૩૦, ૬:૩૦, ૯:૩૦

સિને મેક્સ, ગાંધીનગર:- ૧:૧૫

મલ્ટીપ્લેક્સ સિનેમેક્સ ગાંધીનગર | ડિજીટલ ડોલ્બી સુર્યા સિનેમા વાવોલ

અશોક * ગૌરી(ઓઢવ) * ગેલેક્સી(નરોડા) * સપના(સરખેજ) * શીતલ(ગોમતીપુર) સીટીપલ્સ(કાંકરીયા) * કૃષ્ણ(પાટણ) * કૃષ્ણ(વિસનગર) * વંદના(વિજાપુર) * પ્રશાંત(મહેસાણા) ડિમ્પલ(ડિસા) * કિનારા(કડી) * લક્ષ્મી(ઈડર) * આરાધના(ખેડબ્રહ્મા) * નિલમ(હિમ્મતનગર) ડ્રિમલેન્ડ(અંબાજી) * સીટીલાઈન(પાલનપુર) * સીટીલાઈટ(સિધ્ધપુર) * સિનેસ્કાય(બાયડ) કૃષ્ણ(પાટણ) * આશિષ(કઠલાલ) * અલકા(નડિયાદ) * વસંત(આસોદર) * સરગમ(પેટલાદ) તાજ(બોડેલી) * જય(હાલોલ) * વૈશાલી(તારાપુર) * પ્રિયા(કપડવંજ) * લિબર્ટી(પાદરા) * રાજશ્રી(રાજકોટ)

રીલીઝ : ઓમ મોશન પિક્ચર્સ લી.